# સિદ્ધયોગ પથ પર શ્રીગુરુગીતાનું માહાત્મ્ય

## સ્વામી શાંતાનંદ દ્વારા લિખિત વ્યાખ્યા

બાબા મુક્તાનંદે શુક્રવાર, ૭ જાન્યુઆરી, ૧૯૭૨ ના દિવસે ગુરુદેવ સિદ્ધપીઠમાં, આશ્રમની દિનચર્યામાં પ્રાતઃકાલીન અભ્યાસના રૂપે 'શ્રીગુરુગીતા'ના નિત્ય પાઠનો શુભારંભ કર્યો હતો. સિદ્ધયોગ પથના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ દિવસના રૂપે દર વર્ષે સિદ્ધયોગીઓ આ વર્ષગાંઠનું સન્માન કરે છે.

સંસ્કૃતમાં 'શ્રીગુરુગીતા', શ્રીગુરુની સ્તુતિમાં ગાવામાં આવેલું સ્તોત્ર છે, એ એક અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્ર છે અને જપ કરવા યોગ્ય મંત્ર છે. સ્વાધ્યાય સુધામાં 'સ્વાધ્યાય યોગ' નામના પરિચયમાં બાબાજીએ શ્રીગુરુગીતાના ૧૮૨ શ્લોકોનું 'એક દીર્ઘ મંત્ર' તરીકે વર્ણન કર્યું છે અને સિદ્ધયોગ પથના 'અતિ આવશ્યક પાઠ' તરીકે તેની પ્રશંસા કરી છે. બાબાજી શીખવે છે કે શ્રીગુરુગીતાનો પાઠ કરવો એ સ્વાધ્યાય અર્થાત્ આત્માના અધ્યયનનું જ એક રૂપ છે. શ્રીગુરુગીતાનો પાઠ એ પવિત્ર ધ્વનિમાં લીન થઈ જવા જેવું છે અને તે મંત્રજપનું જ એક રૂપ છે.

'શ્રીગુરુગીતા' એક સ્તોત્ર છે, જેની રચના પારંપરિક સંસ્કૃત શ્લોકમાં થઈ છે, જેમાં આદિગુરુ, ભગવાન શિવ તથા તેમની અર્ધાંગિની અને શિષ્યા દેવી પાર્વતી વચ્ચે થયેલા સંવાદનું વર્ણન છે. આ સંવાદમાં, ભગવાન શિવ શ્રીગુરુના સ્વરૂપ, ગુરુકૃપાની શક્તિ, ગુરુસેવા અને ગુરુભક્તિના મહત્ત્વને સમજાવે છે અને શ્રીગુરુ દ્વારા શિષ્યને આત્મજ્ઞાન તરફ લઈ જવાની રીતો પણ સમજાવે છે.

ભગવાન શિવ આ સ્તુતિની મહાનતાની પ્રશંસા કરતા શ્લોક ૫૨, ૬૧, ૧૦૭ અને ૧૩૩ માં તેને 'મંત્રરાજ' એટલે કે 'મંત્રોના રાજા', એક પરમ મંત્ર કહે છે. શ્લોક ૧૩૩માં ભગવાન શિવ કહે છે :

ગુરુગીતાક્ષરૈકં તુ મંત્રરાજમિમં જપેત્ ।

ગુરુગીતાનો એક-એક અક્ષર પરમ મંત્ર છે. દરેકે તેનો જપ કરવો જોઈએ.

ભારતના વિભિન્ન શાસ્ત્રોમાં, 'શ્રીગુરુગીતા'ના ઘણાં સંસ્કરણો જોવા મળે છે. તેના એક સ્રોતની જાણકારી સિદ્ધયોગ પથ પર ગાવામાં આવતા સંસ્કરણની અંતિમ પંક્તિઓમાં મળે છે :

ઇતિ શ્રીસ્કંદપુરાણે ઉત્તરખંડે ઈશ્વરપાર્વતીસંવાદે ગુરુગીતા સમાપ્તા ।

આ રીતે સ્કંદપુરાણના ઉત્તર ખંડમાં ઈશ્વર અને પાર્વતીના સંવાદરૂપ શ્રીગુરુગીતા સંપૂર્ણ થઈ.

‘શ્રીસ્કંદપુરાણ’, ભારતના પ્રાચીન ગ્રંથોમાંથી એક ગ્રંથ છે, જેમાં વાર્તાઓ, દાર્શનિક શિખામણો, સ્તુતિઓ તથા એક ધર્મસંગત જીવન જીવવા માટે માર્ગદર્શન પ્રદાન કરવામાં આવ્યું છે. કેટલાંક ઉપનિષદ અને તંત્રશાસ્ત્રો સહિત પ્રાચીન ગ્રંથોમાં પણ શ્રીગુરુગીતાના શ્લોક જોવા મળે છે. ઐતિહાસિક રૂપે, શ્રીગુરુગીતાના વિભિન્ન સંસ્કરણોમાં ચારસોથી પણ વધારે શ્લોક જોવા મળે છે.

સન ૧૯૫૧માં જ્યારે બાબાજી, ભારતના મહારાષ્ટ્ર રાજ્યના સુકી ગામમાં સાધના કરી રહ્યા હતા, ત્યારે તેમણે ‘ગુરુચરિત્ર’ વાંચ્યું, જે ભગવાન દત્તાત્રેયના જીવન પર આધારિત સોળમી સદીનો એક ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રીગુરુગીતાના એક સંસ્કરણનો સમાવેશ છે જેનો સંદર્ભ શ્રીસ્કંદપુરાણમાં આપવામાં આવ્યો છે. બાબાજી આ શાસ્ત્રની ગહનતા અને મનોહરતા તરફ તરત જ આકર્ષિત થઈ ગયા અને તેઓએ આ પાઠ કરવાની શરૂઆત કરી દીધી. ત્યાર પછી બાબાજીએ ગુરુચરિત્રના આ અનુભાગમાંથી કેટલાક શ્લોકને સમાવિષ્ટ કરીને શ્રીગુરુગીતાનું એ સંસ્કરણ તૈયાર કર્યું જેનો પાઠ સિદ્ધયોગ પથ પર કરવામાં આવે છે.

૭ જાન્યુઆરી, ૧૯૭૨ ના દિવસે જ્યારે બાબાજીએ શ્રીગુરુગીતાના પાઠને આશ્રમની દિનચર્યાના એક ભાગ રૂપે સ્થાપિત કર્યું ત્યારે તેમણે કહ્યું હતું :

> *આજે જ, પ્રાતઃકાલે આપણે શ્રીગુરુગીતાનો પાઠ કરવાનું આરંભ કર્યું છે. ... તે સર્વ શક્તિ અને સિદ્ધિ પ્રદાન કરે છે.... આ આશ્રમનું નામ છે, ‘શ્રી ગુરુદેવ આશ્રમ’, એ શ્રીગુરુદેવને સમર્પિત છે, અને આપણે શ્રીગુરુગીતાનું સ્તવન કરીએ છીએ.... કારણકે શ્રીગુરુ આપણા પરમ ઇષ્ટદેવ છે.*

ગુરુમાઈજીએ સિદ્ધયોગીઓને શીખવ્યું છે કે કેવી રીતે તેમણે શ્રીગુરુગીતાની તેમની સમજ, અભ્યાસ અને અનુભૂતિને વધુ ગહન કરવી જોઈએ. ત્રણ દાયકાઓ કરતાં પણ વધારે સમયથી ગુરુમાઈજીએ સત્સંગો તથા શક્તિપાત ધ્યાનશિબિરોમાં આ પાવન સ્વાધ્યાય વિશે શિખામણો પ્રદાન કરી છે અને તેમણે વિદ્વાનો તથા સિદ્ધયોગ ધ્યાન શિક્ષકોને શ્રીગુરુગીતાના વિષય પર કાર્યશાળા અને કોર્સ આયોજિત કરવા માટે માર્ગદર્શન પ્રદાન કર્યું છે. ગુરુમાઈજીએ વિદ્યાર્થીઓને સ્વાધ્યાયના પોતાના અભ્યાસને સુદૃઢ કરવા માટે તેમના ઉચ્ચારણ, આસન અને શ્વાસ-પ્રશ્વાસને પરિષ્કૃત કરવા માટે નિર્દેશ પ્રદાન કર્યા છે. ગુરુમાઈજીએ શ્રીગુરુગીતાના પાઠમાં સંગીતની પરિષ્કૃતિઓ પણ કરી છે જેથી વિદ્યાર્થીઓને પોતાની એકાગ્રતાને ટકાવી રાખવા માટે અને એક સ્વરમાં ગાવા માટે મદદ મળી શકે.

ગુરુમાઈજીએ ઘણા દેશોમાં સિદ્ધયોગીઓ અને નવા જિજ્ઞાસુઓની સાથે શ્રીગુરુગીતાનો પાઠ કર્યો છે અને હજારો લોકોના હૃદયમાં આ શાસ્ત્ર પ્રત્યે પ્રેમને જાગ્રત કર્યો છે. સિદ્ધયોગ આશ્રમોમાં, આશ્રમની દિનચર્યાની અંતર્ગત પ્રાતઃકાલીન અભ્યાસના રૂપે શ્રીગુરુગીતાનો પાઠ નિત્ય કરવામાં આવે છે. સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રો પર તથા

સિદ્ધયોગીઓનાં ઘરોમાં ગુરુગીતાનો પાઠ દૈનિક અને સાપ્તાહિકરૂપે વિભિન્ન સમયે કરવામાં આવે છે. અત્યારે આ ક્ષણે પણ વિશ્વમાં કોઈને કોઈ સ્થાન પર શ્રીગુરુગીતાના પાઠ દ્વારા આશીર્વાદોનું આવાહન કરવામાં આવી રહ્યું હશે.

મને ખુશી છે અને હું આ વાત માટે કૃતજ્ઞ પણ છું કે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશને ૧૫ જુદીજુદી ભાષાઓમાં શ્રીગુરુગીતાના સંસ્કૃત પાઠના અનુવાદનું પ્રકાશન કર્યું છે. આના કારણે ઘણા બધા વિભિન્ન રાષ્ટ્રોનાં લોકો માટે આ પાવન સ્વાધ્યાયનું પઠન અને અધ્યયન કરવું સંભવ થયું છે. શ્રીગુરુગીતાથી કેવી રીતે લોકોને આશીર્વાદ પ્રાપ્ત થયા છે અને આ અભ્યાસથી તેમની સાધના કેવી રીતે વધુ ગહન થઈ છે, તેના વિશે અસંખ્ય પ્રસંગો જાણવા મળ્યા છે. શ્રીગુરુગીતામાં કહેવામાં આવેલી આ વાત ખરેખર સાચી છે. આ પાવન સ્વાધ્યાયનો પાઠ કરવાથી જીવનના ચારેય પુરુષાર્થની સિદ્ધિ થાય છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

મારા પોતાના અધ્યયન, ચિંતન-મનન અને અનુભવથી તથા શ્રીગુરુગીતાના નિયમિત પાઠ કરનારા અન્ય સિદ્ધયોગીઓ પાસેથી મેં જે સાંભળ્યું છે, તેના આધાર પર હું કહી શકું છું કે આ અભ્યાસના અગણિત લાભ છે. આ કેટલાક લાભ છે જેનાથી કોઈપણ વ્યક્તિ પોતાની સાધનામાં પ્રગતિ કરી શકે છે :

કૃપાનું આવાહન થાય છે

ભક્તિનું પોષણ થાય છે

મનને શાંત કરે છે

શ્વાસ-પ્રશ્વાસને સશક્ત કરે છે અને તેને મુક્તરૂપે વહેવામાં મદદ કરે છે

બુદ્ધિ અને ભાવનાઓની શુદ્ધિ કરે છે

એકાગ્રતાને વધારે છે

સંરક્ષણ પ્રદાન કરે છે

આ વર્ષગાંઠના સન્માનમાં, મંત્રજપના અમૃતપાનનો આનંદ લો અને શ્રીગુરુગીતાની પવિત્ર ધ્વનિમાં લીન થઈ જાઓ. તમારા જીવનમાં તેની રૂપાંતરણકારી શક્તિને ઓળખો.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.